# 1,550 કરોડની ફેક ITC કૌભાંડની માસ્તર માઈન્ડ પ્રિયંકા સાદરિયા જામીન પર છૂટી ગઈ

**ડીજીજીઆઈ** દિવસ ગણવામાં ભૂલી ગઈ કે પછી...?: આરોપીને ડિફોલ્ટ બેઇલનો લાભ મળ્યો

સુરતઃ દેશવ્યાપી 1,550 કરોડ રૂપિયાના ફેક ઈનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડમાં ગુજરાતની માસ્ટર માઈન્ડ જમીન દલાલ પ્રિયંકા લલિતભાઈ સાદરિયા(રાજકોટ)ની સામે નિયત સમયમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ GST ઈન્ટેલિજન્સ સુરત ઝોનલ યુનિટ નિયત સમયમાં ચાર્જશીટ રજૂ કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે આરોપી પ્રિયંકાના ડિફોલ્ટ બેઈલ મંજૂર કરાયા હતા.

રાજકોટની આરોપી પ્રિયંકા સાદરિયાએ આ કેસમાં જામીન પર છૂટવા માટે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ડિફોલ્ટ બેઈલ અરજી કરી હતી. આ અરજીની સુનાવણી દરમિયાન અરજદાર આરોપી તરફે વકીલે દલીલ કરી હતી કે તપાસ એજન્સીએ 60 દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરવી આવશ્યક હતી. જો કે, નિયત સમયમર્યાદા પૂર્ણ થયા છતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી ન હોવાથી આરોપીને કાયદા મુજબ ડિફોલ્ટ જામીનનો હક્ક પ્રાપ્ત થાય છે. ડીજીજીઆઈ તરફે 11 જૂન, 2026ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોવાની રજૂઆત કરી ડિફોલ્ટ બેઈલ અરજી નામંજૂર કરવા વિનંતી કરી હતી. રેકોર્ડની તપાસ બાદ કોર્ટે નોંધ્યું કે આરોપીએ 11 જૂન, 2026ના રોજ સવારે 11 વાગ્યે ડિફોલ્ટ જામીન અરજી દાખલ કરી હતી. જ્યારે ફરિયાદ પક્ષ તરફથી ચાર્જશીટ તે જ દિવસે બપોરે બાદમાં દાખલ કરવામાં આવી હતી. તેથી અરજી દાખલ થયાના સમયે આરોપી સામે કોઈ ચાર્જશીટ દાખલ ન હતી. કોર્ટે આરોપી પ્રિયંકા સાદરિયાની ડિફોલ્ટ બેઈલ અરજી મંજૂર કરી હતી.

# ટેમ્પરરી સ્ટ્રક્ચરમાં એક જ દિવસમાં 262ને નોટિસ, 35ના ઈલે. કનેકશન કપાશે

**કમિશનર** નાગરાજનના આદેશ બાદ શહેરભરમાં સરવે શરૂ, 396 ટેમ્પરરી સ્ટ્રક્ચરની યાદી તૈયાર, સરથાણા ઝોનમાં સૌથી વધુ 120 માળખા નોંધાયા

**આગામી** દિવસોમાં ઝુંબેશ વધુ વેગ પકડશે અને કડક કાર્યવાહી કરવામાં આવશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા કમિશનર નાગરાજન દ્વારા શહેરમાં આગ અને અકસ્માતના જોખમરૂપ ટેમ્પરરી સ્ટ્રક્ચર સામે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. શહેરના તમામ ઝોન વિસ્તારમાં આવેલા આવા માળખાની યાદી તૈયાર કરવા આપવામાં આવેલા આદેશ બાદ મનપાનું ફાયર બ્રિગેડ વિભાગ અને ઝોનલ તંત્ર એક્શનમાં આવ્યું છે. સોમવારે સવારથી શરૂ કરાયેલી કામગીરી દરમિયાન સાંજ સુધીમાં 262 ટેમ્પરરી સ્ટ્રક્ચરના માલિકોને નોટિસ ફટકારવામાં આવી હતી, જ્યારે 35 મિલકતદારને ઈલેક્ટ્રિકલ ડિસ્કનેક્ટની નોટિસ પણ આપવામાં આવી છે.

મનપાના તમામ નવ ઝોનમાંથી ફાયર વિભાગને કુલ 396 ટેમ્પરરી સ્ટ્રક્ચરની વિગતો મળી હતી. ત્યારબાદ અલગ-અલગ ટીમો બનાવી સ્થળ તપાસ અને નોટિસ આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સરથાણા ઝોનમાં સૌથી વધુ 120 ટેમ્પરરી સ્ટ્રક્ચર નોંધાયાં હતાં, જેમાંથી 40ને નોટિસ આપવામાં આવી છે. વરાછા ઝોનમાં 95 પૈકી 83, અઠવા ઝોનમાં 60 પૈકી 46 અને લિંબાયત ઝોનમાં 32 પૈકી 19 ટેમ્પરરી સ્ટ્રક્ચરને નોટિસ ફટકારવામાં આવી છે.

ઉધના ઝોન-એમાં 13 પૈકી 10 અને ઉધના ઝોન-બીમાં 47 પૈકી 36 ટેમ્પરરી સ્ટ્રક્ચરને નોટિસ આપવામાં આવી છે. રાંદેર ઝોનમાં 14 પૈકી 13 તેમજ કતારગામ ઝોનમાં 15 પૈકી તમામ ટેમ્પરરી સ્ટ્રક્ચરને નોટિસ પાઠવવામાં આવી છે. કેટલાક ઝોનમાં ઈલેક્ટ્રિકલ ડિસ્કનેક્ટની કાર્યવાહી માટે પણ નોટિસ આપવામાં આવી છે. તપાસ દરમિયાન અઠવા ઝોનમાં પાંચ, લિંબાયત ઝોનમાં 11 અને ઉધના ઝોન-એમાં ત્રણ ટેમ્પરરી સ્ટ્રક્ચર કાયમી રીતે બંધ થઈ ગયા હોવાનું પણ સામે આવ્યું છે.

મનપા તંત્રના જણાવ્યા મુજબ બાકીના માળખાની સ્થળ તપાસ અને નોટિસ આપવાની કાર્યવાહી હજુ ચાલુ છે. શહેરમાં આગ જેવી દુર્ઘટનાઓ અને જાહેર સુરક્ષાના મુદ્દાને ધ્યાનમાં રાખીને ટેમ્પરરી સ્ટ્રક્ચર સામે હાથ ધરાયેલી આ ઝુંબેશ આગામી દિવસોમાં વધુ તેજ બનશે અને નિયમોનું પાલન ન કરતા માળખા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવા સંકેતો મનપા તંત્ર દ્વારા આપવામાં આવ્યા છે.

### કયા ઝોનમાં કેટલાં ટેમ્પરરી સ્ટ્રક્ચર?

| ઝોન | કુલ ટેમ્પરરી સ્ટ્રક્ચર | નોટિસ અપાઈ |
|---|---|---|
| સરથાણા ઝોન | 120 | 40 |
| વરાછા ઝોન | 95 | 83 |
| અઠવા ઝોન | 60 | 46 |
| ઉધના ઝોન-બી | 47 | 36 |
| લિંબાયત ઝોન | 32 | 19 |
| કતારગામ ઝોન | 15 | 15 |
| રાંદેર ઝોન | 14 | 13 |
| ઉધના ઝોન-એ | 13 | 10 |
| **કુલ** | **396** | **262** |

# રાંદેરની આંગણવાડીમાં 8 મહિનામાં ફ્લોરિંગ બેસ્યું, દિવાલોમાં તિરાડો

**રિપેરિંગમાં** નબળી કામગીરી, ઢીલા સુપરવિઝન અને સરકારી નાણાંના ગેરઉપયોગ અંગે તપાસની માંગ



સુરતઃ રાંદેર ઝોન હેઠળ આવેલી નવી વસાહતની આંગણવાડીમાં માત્ર આઠ મહિના પહેલાં કરાયેલા રિપેરિંગ કામની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. દિવાલોમાં મોટી તિરાડો પડી ગઈ છે અને ફાયર સેફ્ટી માટે રાખવામાં આવેલા સાધનો પણ એક્સપાયર થઈ ચૂક્યા હોવાનું સામે આવ્યું છે.

આશરે આઠ મહિના પહેલાં સરકારી ખર્ચે આંગણવાડીમાં રિપેરિંગ અને જાળવણીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સામાન્ય રીતે આવી કામગીરી વર્ષો સુધી ટકવી જોઈએ, પરંતુ અહીં થોડા જ મહિનાઓમાં કોટા પથ્થરનું ફ્લોરિંગ અનેક જગ્યાએ જમીનમાં બેસી જતાં તેમજ કેટલીક જગ્યાએ ઊંચું થઈ જતાં આખો ફ્લોર ઉબડખાબડ બની ગયો છે. બહારની દિવાલોમાં પડેલી મોટી તિરાડોએ પણ ચિંતા વધારી છે. દિવાલોની હાલત જોઈ સ્થાનિકોમાં ભય ફેલાયો છે કે જો કોઈ ભાગ તૂટી પડે તો બાળકો અથવા અન્ય લોકોને ઇજા પહોંચી શકે છે.

### ફાયર સેફ્ટી સાધન એક્સપાયર

આંગણવાડીમાં રાખવામાં આવેલું ફાયર સેફ્ટી સાધન પણ એક્સપાયર થઈ ચૂક્યું છે. કારણે બાળકોની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. ફાયર એનઓસી અને સલામતીના નિયમોનું કડક પાલન કરાવતી પાલિકાની પોતાની સંસ્થામાં જ નિયમોના પાલનમાં બેદરકારી સામે આવતા તંત્રની કામગીરી ચર્ચામાં આવી છે.

# પ્રેમી સાથે મળી પત્નીએ પતિને બીજા માળેથી ફેંકી દીધો હતો

**પોસ્ટમોર્ટમમાં** હત્યાનો ખુલાસો થયા બાદ પત્નીની પોલીસ સામે કબૂલાત, પત્ની અને પ્રેમીની ધરપકડ

સુરતઃ વેડરોડ પંડોળના રહેમતનગરમાં રહેતા ૪૨ વર્ષીય જન્મંજયકુમાર તીર્થ રાય ગત તારીખ ૮મી જૂને મોડી રાત્રે અંદાજે દોઢ વાગ્યાની આસપાસ પોતાના ઘરના બીજા માળેથી નીચે પટકાયા હતા. ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું મોત નીપજ્યું હતું.

મૃતકના પીએમ (પોસ્ટ મોર્ટમ) રિપોર્ટમાં ડૉક્ટરોએ ગળાના ભાગે તિક્ષ્ણ હથિયારના ઘા હોવાનું જણાતા પોલીસે ગુનો નોંધી પત્ની અને તેના પ્રેમીની ધરપકડ કરી હતી. પોલીસની તપાસમાં હકીકત બહાર આવી હતી કે ખુદ પત્ની ચાંદનીકુમારે જ પ્રેમસંબંધમાં અવરોધ બનેલા પતિ જન્મંજયકુમારને પ્રેમી શુલભસિંહ સાથે મળીને ફેંકી દીધાની હકીકત બહાર આવી હતી. પોલીસે પકડતા પત્નીએ કબૂલાત કરી હતી.

### પતિ ઊંઘી જતાં જ પ્રેમીને બોલાવી લીધો હતો

મૃતકની ૩૨ વર્ષીય પત્ની ચાંદનીકુમારીને આ વિસ્તારમાં જ રહેતા ૨૮ વર્ષીય શુલભસિંહ સાથે આડા સંબંધો હતા. આ પ્રેમ સંબંધની જાણ પતિને થઈ જતાં ઘરમાં અવારનવાર ઝઘડા થતા હતા. આથી, બંને પ્રેમી પંખીડાઓએ જન્મજયકુમારને હંમેશા માટે રસ્તામાંથી હટાવી દેવાનો પ્લાન બનાવ્યો હતો. 7 જૂનની રાત્રે પતિ-પત્ની વચ્ચે ફરી એકવાર ઉગ્ર ઝઘડો થયો હતો. આ ઝઘડા બાદ રાત્રે પતિ ઘરે આવી સૂઈ ગયો હતો, જ્યારે પત્ની જાગતી રહી હતી. પતિ ગાઢ નિંદ્રામાં હોવાની ખાતરી થયા બાદ મોડી રાત્રે તેણે પોતાના પ્રેમીને ફોન કરીને ઘરે બોલાવ્યો હતો. ફોન મળ્યાના ગણતરીના મિનિટોમાં જ પ્રેમી ત્યાં પહોંચી ગયો હતો. ત્યારબાદ બંનેએ મળીને ઊંઘી રહેલા પતિને રૂમમાંથી બહાર લઈ જઈ બિલ્ડિંગની ગેલેરી તરફ ખસેડી નીચે ફેંકી દીધો હતો.

### પટકાયા પછી પણ શ્વાસ ચાલું હોવાથી બ્લેડથી ગળું કાપી નાંખ્યું

પતિને નીચે ફેંક્યા બાદ પણ પતિને જીવતો જોઈને પત્ની ચાંદનીકુમારી ગભરાઈ ગઈ હતી.તેણે તાત્કાલિક ફરીથી પ્રેમી શુલભસિંહને નીચે મોકલ્યો હતો. શુલભસિંહે ક્રૂરતાની તમામ હદો પાર કરીને તીક્ષ્ણ બ્લેડ વડે જન્મજયકુમારના ગળા પર ઉપરાઉપરી બે ઘા ઝીંકી દીધા હતા.

# એન્જિનિયર પતિનું અફેર પકડાઈ જતાં ડેન્ટિસ્ટને નણંદ અને પતિએ બદનામ કરી ઘરેથી કાઢી મૂકી

**ડેન્ટિસ્ટ** સપના અને એન્જિનિયર પતિએ મળી ક્લિનિકનો સામાન અને ડિપોઝિટ પણ હડપી લીધાનો આક્ષેપ

**અડાજણના** દોશી પરિવાર અને ડોક્ટર નણંદ અને નણદોઈ વિરુદ્ધ ફરિયાદ

**પતિના** લફરાનો વિરોધ કરતાં પરિણીતા પર ત્રાસ ગુજારતાં ડિપ્રેશનમાં આવી

સુરતઃ અડાજણમાં રહેતા દોશી પરિવારે વ્યવસાયે ડેન્ટિસ્ટ પરિણીતાને શારીરિક ખોડખાંપણનાં બહાનાં કાઢી શારીરિક-માનસિક ત્રાસ આપી, ડિવોર્સના નામે લાખોની મિલકત હડપી લેતાં મામલો પોલીસમાં પહોંચ્યો છે.

મળતી માહિતી મુજબ અડાજણની આહુરાનગર સોસાયટીમાં રહેતા નિમિત રમેશભાઈ દોશી સાથે 34 વર્ષીય વ્યવસાયે ડેન્ટિસ્ટ સાથે સમાજના રીત-રિવાજ મુજબ વર્ષ-2015માં લગ્ન થયાં હતાં. લગ્નના શરૂઆતનાં બે વર્ષ ડેન્ટિસ્ટે અડાજણમાં નોકરી કર્યા બાદ કતારગામ વિસ્તારમાં 'ડેન્ટ ઇન' નામે પોતાનું સ્વતંત્ર ડેન્ટલ ક્લિનિક શરૂ કર્યું હતું, જ્યાં તેની માસિક આવક આશરે ૧ લાખ રૂપિયા જેટલી થઈ હતી. વર્ષ-૨૦૨૦માં ડેન્ટિસ્ટે તેના પતિ નિમિતને તેની કોલેજની ગર્લફ્રેન્ડ સ્વીટી સાથે વોટ્સએપ પર ચેટિંગ કરતો પકડી પાડ્યો હતો. આ બાબતે ઝઘડો થતાં ડેન્ટિસ્ટ ગુસ્સામાં ઘરની બહાર નીકળી ગઈ હતી, જ્યાં રસ્તામાં તેનું અકસ્માત થતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારબાદ પતિએ ફરીથી સ્વીટી સાથે વાત કરવાનું શરૂ કરતાં આઘાતમાં સરેલી ડેન્ટિસ્ટ ડિપ્રેશનમાં આવી ગઈ હતી. આમ છતાં, સાસુએ 'તેં તારા પતિને સારી રીતે રાખ્યો નથી એટલે તેનું અફેર થયું હશે' તેમ કહી મેણાં-ટોણાં મારવાનું ચાલુ રાખ્યું હતું.

### પતિના અફેરની વાતમાં વશ થવા ડેન્ટિસ્ટને અપમાનિત કરાતી

ડેન્ટિસ્ટના પતિની અફેરની વાત બહાર આવી હતી અને બીજી બાજુ ડેન્ટિસ્ટ નણંદનું ક્લિનિક ભોગ બનનાર ડેન્ટિસ્ટનું ક્લિનિક શરૂ ચાલતું હોવાની રંજસ રાખી નણંદ સપના અને હોમિયોપેથીક ડોક્ટર એવા નણદોઈ કેયુર કોઠારીએ સગા-સંબંધીઓની હાજરીમાં ડેન્ટિસ્ટને અપમાનિત કરી માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

### ૫૪ લાખની સંપત્તિમાંથી અડધો હિસ્સો પડાવી લીધો, ક્લિનિક વેચી માર્યું!

પીડિતાના જણાવ્યાનુસાર તેણે ૨૦૨૧થી ૨૦૨૫ દરમિયાન ઘરખર્ચ અને પતિ માટે આશરે ૭.૪૧ લાખ ટ્રાન્સફર કર્યા હતા અને પતિને વિદેશ ફરવા જવા માટે ૧૦.૭૦ લાખ ઓનલાઇન ચૂકવ્યા હતા. ચાલુ વર્ષે ૨૧ જાન્યુઆરીએ પતિએ ડિવોર્સની માંગણી કરી કિવશાની કુલ ૫૪.૨૩ લાખની સંપત્તિમાંથી અડધો હિસ્સો (રૂ.૨૫.૨૨ લાખ) ખોટું બોલીને પડાવી લીધો હતો, આરોપી પતિ અને નણંદ-નણદોઈએ ભેગા મળી ડેન્ટિસ્ટની સંમતિ વિના તેનું આશરે ૧૦ લાખની કિંમતનું ક્લિનિક અને ફર્નિચર બારોબાર વેચી મારી રકમ નણંદ સપનાના ખાતામાં ટ્રાન્સફર કરી દીધી હતી. ક્લિનિકની ૫૦,૦૦૦ની ડિપોઝિટ પણ પતિએ પોતે જ હડપી લીધી હતી.

### ત્રાસથી કંટાળી પોલીસનું શરણું લીધું

ડેન્ટિસ્ટે આક્ષેપ કર્યા છે કે, તેને બદનામ કરવામાં માટે પોલીસ વિભાગમાં ખોટી ખોટી અરજીઓ કરી હતી. જે બાદ કેટલાક અહેવાલ પણ ખોટા પ્રકાશિત કરી તેને બદનામ કરવાના તમામ પ્રયત્નો કર્યા હતા. આખરે પોલીસ ફરિયાદ કરી હતી.

# હોટેલ સન લાઈટમાંથી દેહવ્યાપાર પકડાયો, થાઈ લલનાઓને અંગ્રેજી પણ આવડતું ન હતું

**એક** મહિના પહેલાં ટુરિસ્ટ વિઝા પર આવી હતી થાઈ લલનાઓ,

સુરતઃ સરથાણા પોલીસે ગત રોજ એક નનામી અરજી મળતા પોલીસ સ્ટેશનથી ફક્ત 900 મીટર દૂર હોટેલ સન લાઈટમાં ચાલતા વિદેશી મહિલાઓના દેહવ્યાપારના અડ્ડા પર દરોડા પાડતા હોટેલ માલિક મૂળ ભાવનગરનો રોશન માવાણી અને મેનેજર મૂળ જામનગરનો પ્રિન્સ માવાણી મળી આવ્યા હતા. બે માળની હોટલમાં પોલીસે અલગ અલગ રૂમમાંથી 8 થાઈ લલના અને બે ભારતીય લલના મળી આવી હતી. પોલીસે બન્નેની અંગઝડતી કરતા તેમની પાસેથી સેમસંગ કંપનીનો ઝેડ ફ્લિપ ફોન, આઈફોન ૧૪, ડાયરી અને રોકડા રૂ. 4500/- મળી કુલ્લે 39,500ની મત્તા મળી આવી હતી.

પૂછપરછ દરમિયાન સંચાલક પ્રીન્સે કબૂલાત કરી હતી કે તે થાઈલેન્ડની આઠ અને સુરતની બે ભારતીય મહિલાને મગદલ્લા ખાતેના તેમના નિવાસસ્થાનેથી લાવવા-મૂકવાનું કામ કરતો હતો અને તે બદલ કમિશન મેળવતો હતો. થાઈ મહિલાઓને પોલીસે ઈંગ્લિશમાં નામ પૂછાતા તેમને ઈંગ્લિશ અને ભારતીય ભાષા ન આવડતું હોવાનું બહાર આવ્યું હતું. જેથી પોલીસે થાઈ ભાષાના એક્સપર્ટને બોલાવી તેમના નામ જાણ્યા હતા. તેઓ એક મહિના પહેલાં થાઈલેન્ડથી ટુરિસ્ટ વીઝા પર આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે દરોડા દરમિયાન 10 મહિલાઓને મુકત કરાવી હતી.

### પડદા પાછળ સેન્ડી રેકેટ ચલાવતો હોવાની શંકા

સૂત્રોના જણાવ્યા અનુસાર, આશરે છ મહિના અગાઉ આ જ હોટેલમાંથી થાઈ મહિલાઓ મારફતે ચાલતા દેહવ્યાપારના રેકેટનો પર્દાફાશ થયો હતો. તે સમયે ઉત્રાણના જે.ડી. નામના વ્યક્તિની સંડોવણી સામે આવી હતી. જોકે, પડદા પાછળથી સમગ્ર નેટવર્કનું સંચાલન 'સેન્ડી' કરતો હોવાની ચર્ચા હતી,

### સંજય પટોડિયા કોના આશિર્વાદથી ઉઘરાણા કરે છે

એવી ચર્ચા છે કે પકડાયેલા આ દેહવ્યાપાર રેકેટ સાથે સંકળાયેલા સંજય પટોડિયા નામના વ્યક્તિ પાસે શહેરમાં ચાલતા સ્પા સંચાલકો અને દેહવ્યાપારના ધંધા સાથે જોડાયેલા લોકોની વિગતવાર માહિતી છે. તેના પર સ્થાનિક પોલીસ તથા અન્ય સંબંધિત શાખાઓના અધિકારીઓના નામે દબાણ બનાવી રૂપિયા ઉઘરાવવાના આક્ષેપો થઈ રહ્યા છે. પૈસા નહીં આપનારાઓને પોલીસ દરોડા પડાવી ધંધો બંધ કરાવી દેવાની ધમકી આપતો હોવાની પણ ચર્ચા છે.

# બોલો, સાયન્સ સેન્ટરમાં 6 કર્મીની સર્વિસ બુક ગુમ થઈ ગઈ

સુરતઃ મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટરમાં ફરજ બજાવતા કુલ છ કર્મચારીની સર્વિસ બુક ઉપલબ્ધ ન હોવાનું જાણવા મળતાં વહીવટી બેદરકારી અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. શરૂઆતમાં એક કર્મચારીની સર્વિસ બુક મળી ન આવતાં આંતરિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન વધુ પાંચ કર્મચારીની સર્વિસ બુકમાં પણ ગડબડ સામે આવી હતી. કુલ છ કેસમાંથી બે કર્મચારીની મૂળ તેમજ ડુપ્લિકેટ બંને સર્વિસ બુક ગાયબ હોવાનું બહાર આવ્યું છે, જ્યારે ચાર કર્મચારીઓની ડુપ્લિકેટ બુક મળી રહી નથી. સર્વિસ બુક કર્મચારીની નિમણૂક, વેતનવધારો, પ્રમોશન, બદલી, રજા અને નિવૃત્તિ સહિતની તમામ સેવા વિગતોનો આધારભૂત દસ્તાવેજ હોવાથી તેની ગેરહાજરી ગંભીર બાબત માનવામાં આવે છે. મામલો ગંભીર જણાતા સાયન્સ સેન્ટર દ્વારા ઉચ્ચ અધિકારીઓને લેખિત જાણ કરવામાં આવી છે

# ચોમાસા પહેલાં કોર્ટ પરિસરમાં પ્રિમોન્સુન કામગીરી કરાવોઃ બાર

**કરન્સી** ડિટેક્ટર મશીન અને ડિજિટલ પેમેન્ટ (UPI QR કોડ)ની વ્યવસ્થાની માંગ કરાઈ

સુરતઃ સુરત જિલ્લા વકીલમંડળ દ્વારા પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજને એક લેખિત રજૂઆત કરી આગામી ચોમાસાની સિઝનને ધ્યાનમાં રાખીને કોર્ટ પરિસર અને પાર્કિંગમાં વકીલો તેમજ અરજદારોને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે વહીવટી તંત્ર તાકીદે પગલાં ભરે તેવી માંગ કરવામાં આવી છે. આ સાથે જ વકીલમંડળના પ્રમુખ ઉદય પટેલે પીડબ્લ્યૂ વિભાગની ટીમ સાથે કોર્ટ પરિસરમાં રાઉન્ડ લીધો હતો. વકીલમંડળે કરેલી રજૂઆતમાં કોર્ટ કેમ્પસ પાર્કિંગમાં રિપેરિંગની કામગીરી કરવામાં આવી છે, જેના કારણે અલગ-અલગ જગ્યાએ ઢાળ થઈ ગયા છે. ચોમાસામાં અહીં મોટા પાયે પાણી ભરાવાની શક્યતા છે. આ પાણી વકીલોના પતરાવાળા શેડમાં ન ઘૂસે તે માટે પિત્તળની કે અન્ય યોગ્ય પાળી (બનાવી) પાણીનો નિકાલ કરવા, કોર્ટ પાર્કિંગમાં ફોર વ્હીલર વાહનોના પ્રવેશ ગેટ પાસે ફૂટપાથ બનાવવામાં આવી છે જ્યાં વાહનોની સરળ અવરજવર માટે ત્યાં તાત્કાલિક જરૂરી સ્લોપ બનાવવા, એફ.ટી.સી. (FTC) બિલ્ડિંગની પાછળના ભાગે કોર્ટમાં લગાડવામાં આવેલા એસીના કોમ્પ્રેસરમાંથી નીકળતું પાણી સીધું વકીલોના બેસવાના શેડ પર પડે છે. એટલું જ નહીં, તેની ગરમ હવા પણ શેડમાં આવતી હોવાથી ત્યાં બેસવું મુશ્કેલ બને છે. આ બાબતે યોગ્ય નિકાલ કરવા તથા નાઝર શાખા ચીફ કોર્ટ, સેશન્સ કોર્ટ, એસ.એમ.સી. કોર્ટ વગેરે જગ્યાએ 'કરન્સી ડિટેક્ટર મશીન' મૂકવા વિનંતી કરાઈ છે. સાથે જ નકલ મેળવવા અથવા દંડની રકમ જમા કરાવવા માટે UPI QR કોડ દ્વારા ડિજિટલ પેમેન્ટ સ્વીકારવાની વ્યવસ્થા શરૂ કરવાની માંગ કરાઈ હતી.

# સ્મીમેરમાં નર્સે દર્દીના સગા સાથે અસભ્ય વર્તન કર્યું હોવાનો આક્ષેપ

**દર્દીઓને** ચેપ ન લાગે તે માટે બહાર રહેવા સૂચના આપવામાં આવી હતીઃ નર્સિંગ સુપરિન્ટેન્ડેન્ટ

સુરતઃ સ્મીમેરમાં ગાયનેકોલોજી વોર્ડમાં ફરજ બજાવતી એક નર્સ દ્વારા દર્દીના પરિવારજનો સાથે અસભ્ય અને ઉદ્ધત વર્તન કરવામાં આવ્યું હોવાના આક્ષેપો સામે આવ્યા છે.

કોસંબાના રહેવાસી પિંકીદેવી ચૌધરી (ઉં.વ.48) છેલ્લા એક અઠવાડિયાથી ગાયનેક સંબંધિત સારવાર માટે સ્મીમેર હોસ્પિટલના ગાયનેકોલોજી વોર્ડમાં દાખલ છે. દર્દીના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે, ફરજ પર હાજર નર્સે તેમની સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરીને જોરજોરથી બૂમાબૂમ કરી હતી. પરિવારજનોએ વધુમાં જણાવ્યું હતું કે, શનિવારે દર્દીને અચાનક ચક્કર આવતાં તેમના પતિ નર્સને જાણ કરવા ગયા હતા, પરંતુ નર્સે મદદરૂપ થવાને બદલે ગુસ્સે થઈને 'અહીંથી ભાગો' જેવા શબ્દો વાપરી અપમાનજનક વર્તન કર્યું હતું. નર્સના આ વલણથી વ્યથિત પરિવારજનોએ હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ લેખિત ફરિયાદ નોંધાવી હતી.

### ત્રણ નર્સિંગ અધિકારીઓની કમિટી બનાવીને તપાસ સોંપાઈ

સમગ્ર મામલે નર્સિંગ સુપરિન્ટેન્ડેન્ટ સુરેન્દ્રકુમારે જણાવ્યું હતું કે, હોસ્પિટલ પ્રશાસને ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને ત્રણ નર્સિંગ અધિકારીઓની વિશેષ તપાસ કમિટીની રચના કરી હતી. જેનો રિપોર્ટ પણ એક જ દિવસમાં માંગવામાં આવ્યો હતો. રિપોર્ટમાં વોર્ડના ઇન્ચાર્જ સિસ્ટર દર્દીના સગાને સાફ સફાઈ ચાલતી હોવાથી થોડા સમય માટે વોર્ડની બહાર જવાનું કહ્યું હતું. પરંતુ તેમનામાં કઈ ગેરસમજ ઊભી થઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ટીમ માનવ કલરવે પ્રયાસ સંસ્થાની મુલાકાત લઈ તેને દાન આપ્યું



સુરતઃ ટીમ માનવ કલરવના ૧૬ સભ્યો દ્વારા પ્રયાસ સંસ્થાની મુલાકાત લેવામાં આવી હતી. પ્રયાસ સંસ્થાના દર્શન દેસાઈ અને ૨૦ જેટલા સાથીની મદદથી ખૂબ જ આર્થિક અભાવ સાથે તેઓ પોતાનું કેવી રીતે માનવતાનું કાર્ય કરી રહ્યા છે તે જોવામાં આવ્યું હતું. મુલાકાતમાં ડો. વિનોદ શાહ, કમલેશ ભટ્ટ, ડો. નિતિન ગર્ગ, ડો. ઈન્દવદન શાહ, ડો. પ્રદીપ પાનવાલા, ડો. ગટીવાલા, ડો. પ્રશાંત દેસાઈ, હરિણી દેસાઈ, કાશવી , ઝાયન, પિન્કી અગ્રવાલ, દિનેશ ખંડેલવાલા, નિધિ ખંડેલવાલ અને બાળકો નૈશા અને મેહાન પણ જોડાયા હતા. મુલાકાત દરમિયાન પિંકી અગ્રવાલે રૂપિયા 50 હજાર, વિમલ ઝવેરીએ રૂપિયા 11 હજાર, દિનેશ ખંડલવાલે રૂપિયા 11 હજાર અને નિધી ખંડેલવાલે રૂપિયા 10 હજારનું સંસ્થાને દાન આપ્યું હતું.

### અનાવિલ સહીયર સખા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કાર્યક્રમ યોજાયો



સુરતઃ અનાવિલ સહીયર સખા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રવિવાર, તા.14મી જુનના રોજ "જીવન સમૃધ્ધિ યાત્રા"* કાર્યક્રમનું આયોજન દયાળજી કેળવણી મંડળ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં આંતરરાષ્ટ્રીય કથાકાર ડો. હેતલદીદીએ "આવો જીના શીખે" વિષય પર એમની રમુજી, રોમાંચક અને રસપ્રદ વાણીમાં ખૂબ જ સુંદર રીતે જીવન ઉપયોગી આધ્યાત્મિક પ્રવચન આપ્યું હતું તેમજ ભાગવત કથાકાર ગાયત્રીબેન દેસાઈ શાસ્ત્રીએ પણ ઉપસ્થિત સભ્યોને આશીર્વચન આપ્યા હતા. આ "જીવન સમૃધ્ધિ યાત્રા" કાર્યક્રમમાં 400થી વધુ અનાવિલ ભાઈ બહેનોએ ભાગ લીધો હતો.

### કુરુક્ષેત્ર સ્મશાનભૂમિ ટ્રસ્ટનો તાપી તટ પરનો ભક્તિનો ત્રિવેણી સંગમ પૂરો



સુરતઃ જહાંગીર પુરા-વરીયાવ રોડ સ્થિત કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ જીર્ણોદ્ધાર ટ્રસ્ટ દ્વારા અધિક માસ નિમિત્તે તાપી તટ પર આયોજિત ભક્તિમય કાર્યક્રમ સંપન્ન થયો છે. ગત ૧૭ મે થી ૧૫ જૂન સુધી ચાલેલા આ ધાર્મિક મહોત્સવમાં મૂળદાસબાપુ, વિનોદભાઈ શાસ્ત્રીજી અને પ્રફુલભાઈ શુક્લ દ્વારા પ્રસ્તુત કથાઓનો ત્રિવેણી સંગમ રચાયો હતો. સોમવતી અમાસના પાવન પર્વે કથાને વિરામ આપતા પ્રફુલભાઈ શુક્લે ટ્રસ્ટના પ્રમુખ કમલેશભાઈ સેલર અને તેમની ટીમના સેવાકાર્યોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે રામલાલ અગ્રવાલ પરિવાર દ્વારા ટ્રસ્ટને રૂ. ૧,૦૧,૦૦૦ નું દાન અર્પણ કરવામાં આવ્યું હતું.

### સુરતની માન્યા ડ્રોલિયાએ કોમનવેલ્થ ચેસ ચેમ્પિયનશિપમાં ત્રણેય ફોર્મેટમાં ચંદ્રક મેળવ્યો



સુરત. વ્હાઇટ લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થીની માન્યા ડ્રોલિયાએ શ્રીલંકામાં યોજાયેલી પ્રતિષ્ઠિત કોમનવેલ્થ ચેસ ચેમ્પિયનશિપ 2026માં શાનદાર પ્રદર્શન કરીને ભારત અને પોતાની સ્કૂલનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. માન્યાએ સ્પર્ધાના ત્રણેય ફોર્મેટમાં મેડલ જીતીને નવો ઇતિહાસ રચ્યો છે. તેમણે ક્લાસિકલ ફોર્મેટમાં સુવર્ણ ચંદ્રક, બ્લિટ્ઝ ફોર્મેટમાં રજત ચંદ્રક અને રેપિડ ફોર્મેટમાં કાંસ્ય ચંદ્રક મેળવી ભારતનું ગૌરવ વધાર્યું છે.

### અધિક માસે NRC ક્લબ-ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદોને મિષ્ટાન્ન, ઘરવખરીનું વિતરણ



સુરત : સુરતી ક્ષત્રિય સમાજની ન્યૂ રિક્રિએશન ક્લબ (NRC) અને NRC ટ્રસ્ટ દ્વારા અધિક માસ નિમિત્તે સમાજના આર્થિક રીતે નબળા કુટુંબો માટે સતત પાંચ રવિવાર સુધી મિષ્ટાન્ન ભોજનનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેવાયજ્ઞના અંતિમ રવિવારે લાભાર્થી પરિવારોને ઘરવખરીના જરૂરી સામાનનું પણ વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન રામસનાહી સંપ્રદાયના સંત ઉપસ્થિત રહ્યા હતા. ક્લબના પ્રમુખ ભરત વાણાવાળાના હસ્તે તેમનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું. સમાજજનોએ આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી આયોજકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

### સાર્વજનિક એજ્યુકેશન સોસા.ની વ્યવસ્થાપક સમિતીમાં પાંચેય ઉમેદવાર બિનહરિફ

સુરતઃ સાર્વજનિક એજયુકેશન સોસાયટી, અઠવાલાઇન્સ, સુરતની વ્યવસ્થાપક સમિતિના સને ૨૦૨૬-૨૦૨૭ના વર્ષમાં નિવૃત્ત થતા પાંચ સભ્યોની જગ્યા માટેની ચૂંટણી રવિવાર તા.૨૮/૦૬/૨૦૨૬ના રોજ નિયત કરવામાં આવી હતી. આ દરમ્યાન શૈક્ષણિક સંસ્થામાં ચૂંટણી ન થાય એવી ઉમેદવારોએ સુંદર ભાવના દર્શાવી અને સ્વૈચ્છાએ ખસી જવાની ખેલદિલી બતાવી છે તેથી હવે પાંચ જગ્યા માટે પાંચ ઉમેદવારો રહી જતા ચૂંટણી કરવાની રહેતી નથી તેમ એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### પાર્વતીબેન દેસાઈ વિદ્યાકુંજ શાળામાં યોગા કરાવવામાં આવ્યા



સુરતઃ વનિતા વિશ્રામ સંચાલિત શ્રીમતી પાર્વતીબેન દેસાઈ વિદ્યાકુંજ શાળા, પૂર્વ પ્રાથમિક વિભાગ , અંગ્રેજી માધ્યમ શાળામાં યોગા ડેમાં વિવિધ આસાન અને યોગા પ્રતિજ્ઞા પ્રિન્સિપાલે લેવડાવી શરીર તંદુરસ્ત રાખીએ એવી સમજ આપી હતી . તેમજ સ્માઈલ પોઝ એરેજમેન્ટ, શ્રી રામ પોઝ બટરફ્લાય પોઝ, માઉન્ટેઈન પોઝ, કોબ્રા પોઝ, ઓમકાર, સૂર્યનમસ્કાર, કરવામાં આવ્યા હતા. ચેરમેન ક્રિપ્લાની દેસાઈ, વાઇસ ચેરમેન પ્રવીણ વોરા, સેક્રેટરી મનહર દેસાઈએ આશીર્વાદ મોકલ્યા હતા. આચાર્યા જ્યોતિકા રામનાનીએ સહુને શુભેચ્છા પાઠવી હતી.

### સુરતની ડો.ગ્રીશ્મા સોલંકી રાષ્ટ્રીય યુવા સંસદમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે



સુરતઃ ઉત્તરાખંડના દેહરાદૂન ખાતે 17થી 19 જૂન દરમિયાન યોજાનારી ત્રણ દિવસીય રાષ્ટ્રીય યુવા સંસદ માટે સુરતની યુવા પ્રતિભા ડો.ગ્રીશ્મા સોલંકીની પસંદગી કરવામાં આવી છે. દેશભરના વિવિધ રાજ્યોમાંથી સ્ક્રિનિંગ રાઉન્ડ દ્વારા પસંદ થયેલા યુવા પ્રતિનિધિઓ આ પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં ભાગ લેશે. આ રાષ્ટ્રીય મંચ પર ડો.ગ્રીશ્મા સોલંકી વિવિધ રાષ્ટ્રીય, સામાજિક અને સમકાલીન વિષયો પર પોતાના વિચારો અને મંતવ્યો રજૂ કરશે તેમજ દેશના વિવિધ ખૂણાઓમાંથી આવેલા યુવાનો સાથે સંવાદ સ્થાપિત કરશે. કાર્યક્રમ દરમિયાન કેન્દ્ર સરકારના મંત્રીઓ, નીતિનિર્માતાઓ તથા અન્ય આગેવાનોની ઉપસ્થિતિ પણ રહેશે.